તિજ પો. સ્ટેમાં ફરીયાદ આપેલ. ''જે આ કામે આંક–પ થી રજુ છે. આ કામના આરોપીને જોયે ઓળખતા હોવાનું જણાવે છે.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આ કામની ફરીયાદ આપતા પહેલા પંચનામું કરાવામાં આવેલુ, ફરીયાદ માં પંચોના નામ ઠામ જણાવેલ નહી તેમજ પંચોને કોણ બોલાવવા માટે ગયેલ તે હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. કહેવાતા વાહનનો ચેચીસ કે એન્જીન નંબર તથા વાહન કયા કલરનું હતુ તે ફરીયાદમાં જણાવેલ નથી. કહેવાતા બનાવ વખતે વાહનની કેટલી ઝડપ હતી તે ફરીયાદમાં જણાવેલ નથી. જયારે અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૦) આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૬ થી પંચ સાહેદ હઠીસિંહ માનસિંહ ચૌહાણ તથા આંક–૮ થી પંચ સાહેદ ટીનાજી બાલાજી મકવાણા પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, પોલીસ એક લખેલ કાગળમાં સહી કરવાનું કહેતાં સહી કરેલ તેમજ પંચનામામાં શું લખેલ હતુ તે વિશે ખબર નથી તેમજ પંચનામાની વિગતો અંગે કાંઈ જાણતા નથી. આમ, ફરીયાદપક્ષે તપાસેલા આ પંચ સાહેદોએ આંક–૭ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર પંચ સાહેદો તેમની જુબાનીમાં રજુ થયેલ પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવામાં આવેલ. જેમાં તેઓ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી.સદર પંચ સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ છે.

આ પંચ સાહેદો પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી. એ સિવાય તેઓ

